ગાંધીનગર સમાચાર
તા. ૨૪-૩-૨૦૧૫, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### નાપાક હરકતો સામે કડક વલણ જરૂરી

પાકિસ્તાન આતંકવાદનું પારણું બની રહ્યુ છે. આખી દુનિયા એના આ બિહામણા રાક્ષસી ચહેરાને ઓળખી ચૂકી છે. ભારત માટે એ હંમેશથી શિરોવેદના બની રહેલ છે. ગમે તેટલી વાટાઘાટો ચલાવો, કરારો કરો, શાંતિમંત્રણાઓ - શિખરપરિષદો યોજો પણ પાકિસ્તાન એની આડોડાઇ છોડવાનું નથી. એના રાજકીય આગેવાનો પણ ‘અબી બોલ્યા, અબી ફોક’ વાળી જીવનશૈલી અપનાવતા રહ્યા છે. ભારતને એમણે કયારેય મિત્રદેશ માનેલ નથી અને ભવિષ્યમાં માનશે પણ નહી. દેખાવ પૂરતાં નિવેદનો કરીને દુનિયાને ભરમાવે છે, પણ ભારતે હવે ભરમાવું ન જોઇએ અલગતાવાદી કાશ્મીરી જૂથો પાકિસ્તાન દ્વારા પોષાતાં રહ્યાં છે. કાશ્મીરને કોઇ પણ રીતે સ્વતંત્ર કરવાની નેમ ધરાવતાં આ તત્ત્વોને કુખ્યાત ગુપ્તચર એજન્સી આઇએસઆઇનું પાકું સમર્થન છે. પાકિસ્તાન આર્મી અને આઇએસઆઇ ભેગા મળીને ભારત વિરુદ્ધ છદ્મ યુદ્ધ ચલાવતાં રહ્યાં છે. ઢગલા મોઢે શસ્ત્રો આપીને તેઓ પાક શિબિરોમાં તાલીમ પામેલા આતંકવાદીઓને ભારતમાં ઘુસાડતાં રહે છે. જમ્મુ અને કાશ્મીરની પ્રજા આવા આતંકવાદીઓથી ભારે ત્રાસ અનુભવતી હોવા છતાં લાચાર બનીન બધો તમાશો જોયા કરે છે. ઓમર અબ્દુલ્લા પ્રમાણમાં વધુ ભારત તરફી નેતા હતા, એથી સરહદ પર વધુ ધ્યાન આપતા હતા. વર્તમાન મુખ્યમંત્રી પીડીપીના મુફતી મોહંમદ સઇદ પાકિસ્તાન પ્રત્યે ઉદાર વલણ ધરાવતા નેતા છે. અલગતાવાદી નેતાઓ સાથે પણ ભારે ઘરોબો ધરાવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કોઇ પણ ભોગે જમ્મુ કાશ્મીરમાં ભાજપની ભાગીદારી ઇચ્છતા હતા. કોંગ્રેસ અને નેશનલ કોન્ફરંસની ઓમર અબ્દુલ્લા સરકારને હરાવવા એમને આકાશપાતળ એક કરી દીધાં હતાં, પરંતુ આખરે જે પીડીપીને એ પાકપર્સત કરી ભાંડતા હતા એની સાથે ગઠબંધન કરીને ભાજપે સત્તામાં નાનાભાઇ જેવી ભાગીદારી કરી છે. મુફતીને ઘુસણખોરો અને આતંકવાદીઓ પ્રત્યે વધુ પડતો પ્રેમ છે, એટલે છેલ્લા કેટલાક દિવસોથી જમ્મુના કઠુઆ અને સામ્બ ક્ષેત્રોમાં થયેલા ત્રાસવાદી હુમલાઓ સામે એમણે હરફ સરખો ઉચ્ચાર્યો નથી. રાજય સરકારનું આવું વલણ કેન્દ્ર તથા ભાજપ માટે શિરદર્દ બની રહેલ છે. ભાજપના રાષ્ટ્રવાદ સામે પ્રશ્નાર્થ ચિહ્ન લાગી જાય તે પહેલાં પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે ટેકો પાછો ખેંચી લેવાની ગર્ભિત ધમકી આપી છે પરંતુ ભાજપના સર્વેસર્વા મોદીએ ભેદી મૌન ધારણ કર્યું છે. મુફતીને હાથ પર લઇને માંડ કાશ્મીરમાં પગપેસરો કર્યો ત્યાં એમની સામે ત્રાગાં કરવાની નોબત આવી છે. પીડીપી-બીજેપી ગઠબંધન શરૂથી જ વિરોધાભાસી વલણો ધરાવે છે. કોમન મિનિમમ કાર્યક્રમનું અમલીકરણ પણ થતું ન હોયત્યાં સ્વાભાવિક છે કે મુફતીના મૌનનો જવાબ મોદીના મૌનમાં જ શોધવો પડે. હવે જયારે કેન્દ્રની ગુપ્તચર શાખાએ માતા વૈષ્ણોદેવી મંદિર આતંકવાદીઓના નિશાના પર હોવાનો ઘટસ્ફોટ કર્યો છે ત્યારે મુફતી પાસે કેન્દ્ર કેવાં પગલાં લેવડાવે છે તે જોવું રસપ્રદ બની રહેશે.

# ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા પૂર્ણ

### સોમવારે ૧૮ કોપી કેસ,ત્રણ ડમી વિદ્યાર્થી ઝડપાયા : ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા પૂર્ણાહુતિના આરે પહોંચી છે : પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં જ યોજાતા રાહત

ગાંધીનગર, તા.૨૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં આજે પરિપૂર્ણ થઈ હતી. આની સાથે જ ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ અને ધોરણ-૧૨વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને રાહત થઈ છે અને ટેન્શનમાંથી બહાર નિકળ્યા છે. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ હવે આરામના મૂડમાં આવી ગયા છે. હવે વર્લ્ડકપની મેચોની મજા માણી શકશે.

બીજીબાજુ સામાન્ય પ્રવાહમાં પરીક્ષા અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. આજે ધોરણ-૧૦માં હિન્દી દ્વિતીય વિષયની પરીક્ષા લેવાઈ હતી. અંતિમ પેપર પણ સરળ રહેતા વિદ્યાર્થીઓએ રાહતની લાગણી અનુભવી હતી. જ્યારે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં લેવાયેલ ગુજરાતી અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં લેવાયેલ હિન્દી વિષયનું પેપર પણ સરળ રહ્યું હોવાનું જાણવા મળેલ છે. દરમિયાન આજે લેવાયેલ ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા દરમિયાન કુલ ૧૮ કોપી કેસ સ્ટેટ કંટ્રોલરૂમ ખાતે નોધાયા હતા. જેમાં ધોરણ-૧૦માં હિન્દી દ્વિતીય વિષયની પરીક્ષા દરમીયાન ભરૂચ જિલ્લામાં બે, ગાંધીનગર, પાટણ,પંચમહાલ અને તાપી જિલ્લામાં ૧-૧ કોપી કેસ મળીને કુલ ૬ કોપી કેસ નોધાયા હતા. જ્યારે ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષા દરમિયાન વલ્લભીપુર ખાતે બે, ભાવનગર ખાતે-૪, કલોલ ખાતે એક, લીમખેડા ખાતે બે તેમજ ગાંધીનગર, ધીણોજ અને પીપલોદ ખાતે એક-એક કોપી કેસ નોધાયા હતા. આ ઉપરાંત કલોલ ખાતે-૧ અને લીમખેડા ખાતે-૨ મળીને કુલ ત્રણ ડમી વિદ્યાર્થીઓ પરીક્ષા આપતા શિક્ષણ બોર્ડ દ્વારા ઝડપી લેવામાં આવ્યા હતા.

## હરિની દૃષ્ટિ...




રક્ષા માટે દોરી બાંધીને ગયા... નક્કી હવે આપણે ભગવાન - ભરોસે જીવવાનું થયું છે...!!

# વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૨ની હોલ ટિકિટનું વિતરણ કરાશે

અમદાવાદ, તા.૨૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ૩૦ એપ્રિલથી ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૨ની પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે ફરજીયાત એવી હોલટીકીટનું વિતરણ આવતી કાલે કરવામાં આવશે. આ હોલ ટિકીટનું વિતરણ જે તે જિલ્લાના શિક્ષણાધિકારીની કચેરી ખાતેથી વિતરણ કરવામાં આવશે. જેથી રાજયની વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચત્તર માધ્યમિક શાળાના આચાર્યોએ આવતી કાલે સવારે ૧૦:૦૦ થી ૪:૦૦ કલાક દરમિયાન જિલ્લા શિક્ષણાધિકારીના કચેરીએ પોતાના પ્રતિનીધી મોકલી શાળાના વિદ્યાર્થીઓની હોલ ટીકીટ મેળવી લેવાની રહેશે. ત્યાર બાદ હોલ ટીકીટ ઉપર શાળાના આચાર્યના સહી સિક્કા કરીને વિદ્યાર્થીઓમાં વિતરણ કરવાનું રહેશે.

આ વખતે ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહની હોલટીકીટમાં નીચે પરીક્ષાના કાર્યક્રમમાં કરવામાં આવેલ વિગતો પણ નોંધવામાં આવી છે. જે ને દરેકે ધ્યાનમાં લેવાની જરૂર રહેશે. ઉલ્લેખનીય છે કે બોર્ડની પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓને વર્ગખડમાં પરીક્ષા આપતા સમયે હોલટીકીટ સાથે રાખવી ફરજીયાત છે. હોલટીકીટ વગરનાં વિદ્યાર્થીઓને પરીક્ષા ખંડમાં પ્રવેશ આપવામાં આવશે નહી તેની દરેક વિદ્યાર્થીઓએ નોંધ લેવાની રહેશે. પોતાની હોલટીકીટ મેળવી લેવા તેમજ તેમાં કોઈ ભૂલ હોય તો શાળા અથવા જિલ્લા શિક્ષણાધીકારીની કચેરીનો સંપર્ક કરવા માટે વિદ્યાર્થીઓને સૂચના આપવામાં આવી છે. ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૨ની પરીક્ષાને લઈ તમામ તૈયારીઓ પરીપૂર્ણ કરી લેવામાં આવી છે. હોલ ટીકીટોનું વિતરણ આવતીકાલે કરવામાં આવનાર છે જેથી વિદ્યાર્થીઓમાં પણ ઉત્સુકતા છે.

### ચૌધરી કોલેજમાં મૂડી રોકાણના પાઠ ભણાવાયા

ગાંધીનગર, તા. ૨૩

સેક્ટર-૭ ચૌધરી કોલેજમાં વિદ્યાર્થીનીઓને ભવિષ્યમાં ઈન્વેસ્ટમેન્ટમાં સમસ્યા ઉભી ન થાય તે માટે ‘મૂડીરોકાણનું આયોજન’ વિષય પર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. આજરોજ સોમવારે કોલેજ ખાતે સવારે ૯.૦૦ વાગે વ્યાખ્યાન યોજાયું હતું. સિક્યુરિટી એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા અમદાવાદના અમિતા પટેલે વિદ્યાર્થીનીઓને મૂડીરોકાણના પાઠ ભણાવ્યા હતા. તેમજ બેન્ક, પોસ્ટ, શેર માર્કેટ અને મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કેવી રીતે કરવું તેની વિશેષ માહિતી પુરી પાડી હતી. વ્યાખ્યાનમાં કોલેજની બાવન વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી. આ કાર્યક્રમમાં કોલેજ પરિવાર જોડાયો હતો.



### ગરીબ વનવાસીઓને અનાજનું વિતરણ

ગાંધીનગરની ગજાનન સેવા સમિતિ દ્વારા નિયમિતપણે અંતરિયાળ વિસ્તારોના ગરીબ અને પછાત વનવાસી લોકો માટે અનાજ અને અન્ય ચીજવસ્તુઓનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે. આ સંસ્થા દ્વારા હાથ ધરાતી આ સેવાયજ્ઞને કારણે અનેક જરૂરિયાતમંદ લોકોની આંતરડી ઠરે છે. (તસવીર : દિપક જાની)

### સી.એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલને રાજ્ય પુરસ્કાર

ગાંધીનગર, તા. ૨૩

શેઠ સી.એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલને વર્ષ-૨૦૧૩-૧૪માં ધો. ૧૨ સાયન્સમાં ૧૦૦ ટકા પરિણામ મેળવવા બદલ રાજ્ય પુરસ્કાર રૂ. ૫૦૦૦૦ (પચાસ હજાર)નો મળેલ છે.

કન્યા કેળવણી ઉત્તેજનના ભાગરૂપે રાજ્ય સરકારશ્રી તરફથી મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલના વરદહસ્તે રૂ. ૫૦૦૦૦નો ગૌરવવંતો પુરસ્કાર શાળાના મળેલ છે. વિશેષમાં વિદ્યાર્થીઓનું ૧૦૦ ટકા પરિણામ લાવવા માટે પુરસ્કાર મળેલ છે. શાળાના તમામ કર્મચારીઓને અભિનંદન પાઠવવામાં આવેલ છે.

# પ્રેરણા સ્કૂલના ભૂલકાંઓનો એક દિવસીય શૈક્ષણિક પ્રવાસ યોજાયો

### કે.જી.ના બાળકોએ પિકનીકમાં શાકભાજીના છોડનું નિદર્શન કર્યુ

ગાંધીનગર, તા. ૨૩

આજના હાઈટેક યુગમાં બાળકોનો યંત્ર સાથે ઘરોબો કેળવાઈ ગયો છે. મોબાઈલ, ઈનડોરગેમ અને ટી.વી. જેવા યંત્રો સાથે બાળકો વિંટળાઈ ગયા છે. પ્રેરણા સ્કૂલ સેક્ટર-૫ દ્વારા શાળાના ભુલકાઓની કુદરતના ખોળામાં એક પિકનીક યોજી હતી. જ્યા બાળકોએ મનભરીને કુદરતના વાત્સલ્યને માણ્યુ હતુ.

ગાંધીનગર સેક્ટર-૫ સ્થિત પ્રેરણા સ્કૂલ દ્વારા એક દિવસીય શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો હતો. જિલ્લાના દોલારાણા વાસણા ગામની સીમમાં પ્રકૃતિના પ્રેમને માણ્યો હતો. પ્રવાસ દરમિયાન ભુલકાઓએ ખેતરમાં માટીની મહેકની સાથે પેટ ભરીને નાસ્તો કર્યો હતો.

શહેરના બાળકોએ શાકભાજીને ફક્ત શાક માર્કેટમાં જોયા હશે, પરંતુ તે કેવી રીતે ઉગે છે, તેનું પ્રત્યક્ષ નિદર્શન પ્રવાસ દરમિયાન કર્યુ હતુ. બાળકોને મનીષભાઈ ખત્રીએ ખેતરમાં ઉગાડેલ શાકભાજી બતાવી હતી. રીંગણ, ટામેટા અને ગવાર શાકભાજીના છોડ જોઈ બાળકો રોમાંચિત થઈ ઉઠ્યા હતા. તેમજ બકરી, ગાય, ભેંસ, ઘોડાના તબેલામાં ઉભેલા પ્રાણીઓ જોઈને દંગ રહી ગયા હતા. બાળકોએ એક દિવસમાં ખૂબ જ માહિતી મેળવી હતી.

# ઉત્તરવહીઓ તપાસવાની કામગીરી ટૂંકમાં શરૂ થશે

અમદાવાદ, તા. ૨૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવી રહેલી ધોરણ-૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા પૂર્ણ થઈ ચૂકી છે. જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા પૂર્ણ થવાના આરે છે ત્યારે હવે શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહની ઉતરવહીઓ તપાસવાની કાર્યવાહી હાથ ધરવાનો નિર્ણય કર્યો છે.

આ ઉતરવહી તપાસવાની કામગીરી નિભાવવા માટે મોડરેટર તરીકે પાંચ વર્ષના અનુભવી શિક્ષકો અને તેની સામે ૨૫ વર્ષના અનુભવી શિક્ષકોને પરીક્ષક તરીકે કામગીરી નિભાવવાના ઓર્ડર અપાતા રાજયના ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સંઘ મહામંડળે બોર્ડના ચેરમેન સમક્ષ ઉગ્ર રજૂઆત કરી હતી. તો બીજી બાજુ બોર્ડ શિક્ષકોનો વિરોધ જોઈને મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર ઉપર પરીક્ષકોની મીટીંગ બોલાવીને મોડરેટર અને પરીક્ષકની જવાબદારી નક્કી કરવાનો નિર્ણય કરાયો છે. શિક્ષણ બોર્ડ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહની ઉત્તરવહી તપાસવા માટે ૨૫ વર્ષના અનુભવી શિક્ષકોને પરીક્ષણ કાર્યોનો ઓર્ડર કર્યો હતો. જ્યારે પાંચ વર્ષના અનુભવી શિક્ષકોને મોડરેટર તરીકેની કાર્યવાહી સોપવાનો ઓર્ડર કર્યો હતો. સીનીયર શિક્ષકોને પરીક્ષણ કાર્ય કરવાનો ઓર્ડર અપાતા ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સંઘ મહામંડર દ્વારા આ બાબતનો સખત વિરોધ નોંધાવીને બોર્ડના ચેરમેન વરસાણીને ઉગ્ર રજૂઆત કરી હતી. બોર્ડના ચેરમેન પરીક્ષા સચિવને બોલાવીને મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર ઉપર તમામ પરીક્ષકોની મીટીંગ કરીને કો-ઓર્ડીનેટર, મોડરેટર અને પરીક્ષકની નિમણૂક પરસ્પર સમજૂતીથી કરવા માટે સૂચના આપી હતી. આ સૂચનાની સાથે સાથે શિક્ષણ બોર્ડ શિક્ષણ બોર્ડ શિક્ષક સંઘ મહામંડળની રજૂઆતને ધ્યાનમાં રાખીને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર-૨ની પ્રેકટીકલ પરીક્ષામાં એક શિક્ષક પરીક્ષણ કાર્યમાં અને એક શિક્ષક પ્રેકટીકલની પરીક્ષામાં રાખવાની પણ મંજૂરી આપી છે.

# યાદો અને સંસ્મરણોના દસ્તાવેજી ચિત્ર એટલે ‘ફોટોગ્રાફસ’

## ફોટોગ્રાફસ એ માત્ર સંભારણાં જ નહિ પણ આખેઆખી કેટલીય ‘વીતી ગયેલી’ તો કેટલીય ‘ખોવાઈ ગયેલી’ ક્ષણોના દસ્તાવેજ સમા હોય છે

### વિચારસભા

*- નેહલ જયદીપ ગઢવી*

“આંખ સામે આલ્બમ જયાં જૂનું આવી જાય છે,
બ્લેક એન્ડ વ્હાઇટ સમય પણ રંગભીનો થાય છે.
એ નિખાલસતા, ઉમળકો, પ્રેમ કયાંથી લાવશું?
જૂના ફોટા પાડવા કયાં એટલા સહેલાય છે.”
- અંક્તિ ત્રિવેદી

ફોટોગ્રાફ્સ એ માત્ર સંભારણાં જ નહિ પણ આખેઆખી કેટલીય ‘વીતી ગયેલી’ તો કેટલીય ‘ખોવાઇ ગયેલી’ ક્ષણોના દસ્તાવેજ સમા હોય છે. કામ કરતી વખતે કે કબાટ સાફ કરતી વેળાએ જયારે વર્ષો જૂનું આલ્બમ હાથમાં આવી ચડે ત્યારે તેને જોઇ રહેલી વ્યક્તિના ફોટોગ્રાફ્સ લઇએ તો એ ચહેરાના હાવભાવ અત્યંત વૈવિધ્યસભર હોય! એક સમય જે વીતી ગયો છે એની કેટલીય યાદગાર પળોના ફોટોગ્રાફ્સ જોતી વખતે વ્યક્તિ ફરી પાછી એ જ પળોમાં પહોંચી જાય છે ! ફોટોગ્રાફમાં ક્લિક થયેલી એક ક્ષણ ઉપરાંત તેની પહેલાં અને પછી બનેલાં બનાવો પણ વ્યક્તિના મનમાંથી કોઇ ફિલ્મની જેમ એક સાથે અને ઝડપથી પસાર થઇ જતાં હોય છે ! ઘણીવાર આપણે પોતે જૂના ફોટામાં રહેલા આપણા જ વ્યક્તિત્વના એક અલગ જ પાસાને ઘણા સમય પછી મળતા હોઇએ એ રીતે માણીએ અને અનુભવીએ છીએ ! ડો. મુકુલ ચોકસી લખે છે :

“એક જ રીતે ગુમાવેલું જીવન ફરી મળે,
ઘડિયાળ ઊંધી ચાલવા માંડે જો આ પળે.”

પરીક્ષાઓ પૂરી થતાં જ આજકાલ ફરવા જવાનો ટ્રેન્ડ ખૂબ જ પ્રચલિત બન્યો છે. આજની આ ફાસ્ટ લાઇફમાં એક ‘બ્રેક’ લેવો કયારેક જરૂરી પણ હોયછે. પણ માર્ચ મહિનાથી વેકેશનમાં ફરવા જવાના વિવિધ પ્રકારના પ્લાનીંગસ કરવાની સાથોસાથ આ વર્ષે આજ સુધી જેટલી જગ્યાઓએ વેકેશનમાં આપણે ફરી આવ્યા છીએ તે આલ્બમ્સ કબાટમાંથી કાઢીને ઘરના સૌ સભ્યો સાથે મળીને માણી જુઓ ! ફોટામાં રહેલાં નાના-નાના ભૂલકાઓમાં દર વર્ષે સમય સાથે આવેલા ફેરફાર, પતિ-પત્નીના સંબંધોમાં પણ સમય સાથે આવેલી વધુ under-standing અને Maturity જોઇને એક નવો જ રોમાંચ અને નવી જ તાજગીનો અહેસાસ થઇ જશે ! યાદોની આ સફરના પ્રવાસ માટે કોઇ મોંઘા પેકેજીસ્ કે મોંઘીદાટ હોટેલોના રીઝર્વેશનની પણ જરૂર નહિ પડે અને તેમ છતાં આપણે તેને જોતાં-જોતાં કોઇ અલગ જ દુનિયામાં સરી ગયાં હોઇએ તેવો અનુભવ કરી શકીશું ! બિલકુલ ‘ફ્રી ઓફ કોસ્ટ’ એવી આ ટ્રીપમાં સૌ એકબીજાના ચહેરા પરના રોમાંચક અને આહ્લાદક હાવભાવને મન ભરીને માણી શકશે ! ઘણીવાર તો આપણને લાગે કે આ યાદોની સુનહરી સફરમાં જે આનંદ મળ્યો તે જે - તે સમયે ફરવા કરતાં પણ વધુ Pleasant રહ્યો ! આજના યુગમાં એકબીજા સાથે સામસામે બેસીને વાતો કરવાનો કે એકબીજા સાથે સમય ગાળવાનો ટ્રેન્ડ હવે લાવ જ લુપ્ત થઇ રહ્યો હોય તેમ જણાય છે ત્યારે જો આ પ્રકારના જૂના પ્રવાસોના યાદગાર ફોટોગ્રાફ્સ જે ગ્રુપમાં સૌ સાથે મળીને ગયા હોઇએ તે જ સૌ ફરી એક નાનકડું ‘get together’ કરીને સાથે મળીને જો માણીએ તો તેનો આનંદ કંઇક અનોખો જ રહે !

યાદગાર ફોટોગ્રાફ્સની અન્ય એક વિશેષતા એ છે કે તેમાં માત્ર આનંદિત ક્ષણો જ કંડારાયેલી હોય છે. આપણે માત્ર સરસ તૈયાર થઇને હસતાં ચહેરે જ ફોટોગ્રાફ્સ પાડ્યા કે પડાવ્યા હોય છે. કોઇ પણ વ્યક્તિના ઘરમાં રહેલા ફોટોગ્રાફ્સના કલેકશનમાં માત્ર લગ્ન સમયે થતી વિદાય સિવાય રડતા હોઇએ કે દુઃખી હોઇએ તેના એક પણ ફોટા મળશે નહિ ! તો તેનો અર્થ એ કે જીવનમાં માત્ર સારી અને મનગમતી બાબતોને જ સંસ્મરણોના આ દસ્તાવેજમાં સંચિત કરવામાં આવે છે ! તો તેના પરથી આપણે પણ વિચારીએ અને નક્કી કરીએ કે જીવનની વીતી ગયેલી ક્ષણોમાં ન ગમતી કે દુઃખી કરનારી બાબતોને સંપૂર્ણપણે વિસારી દઇએ અને સારી અને મનને આનંદિત કરી મૂકે તેવી ક્ષણોને સવિશેષ યાદ રાખીએ ! વર્તમાન સમયમાં પણ જયારે મનગમતી વ્યક્તિ પરનો વિશ્વાસ થોડો ડગી જાય કે સંબંધમાં કોઇ તિરાડ પડે ત્યારે ભૂતકાળમાં એની સાથે માણેલી-જીવેલી અનમોલ પળોને યાદ કરીએ ત્યારે આપણને આજનો અસંતોષ, નારાજગી કે કડવાશ થોડી ફિક્કી કે ઓછી થઇ જતી ચોક્કસપણે અનુભવાશે જ! ઘણીવાર જીવનને સમજવામાં, સંબંધોને સમજવામાં આવી જિંદગી પણ ઓછી પડતી હોય તેવું લાગે છે ! કોઇએ ખરું જ કહ્યું છે કે,

“જીવનભર જિંદગી વિશે અમોને કંઇ ખબર નહોતી,
મરણ ટાણે જ સમજાયું કે એ કારણ વગર નહોતી !”

અતીતની અમૂલ્ય ક્ષણોને ફંફોસીએ ત્યારે જણાય કે સાવ ક્ષુલ્લક બાબતોને મનમાં ભરી-ભરીને તેનું મસમોટું વટવૃક્ષ બનાવીને આપણે સંબંધોમાં કેવી કડવાશ ભરી દીધી! આવી બાલિશતા આપણે શાને કરતાં હોઇશું ? એવો પ્રશ્ન ચોક્કસપણે થવા વિના રહે જ નહિ !

આજકાલની મોર્ડન જનરેશનના બાળકો કુદરતના સાનિધ્યથી વિમુખ બની ઇલેક્ટ્રોનિક્સ ગેઝેટ્સમાં વધુ સમય વિતાવતા અને આનંદ મેળવતા થયા છે. પણ આપણે વેકેશનમાં દેશ-વિદેશના પ્રવાસને બદલે વતનના આપણા ગામમાં જઇને કોતરો - ખેતરોનો પ્રવાસ કરીએ અને કરાવીએ તો તેમાં પણ બાળકોને કંઇક નવો જ અનુભવ કરાવી શકીશું ! આપણા બાળપણમાં નદીના પાણીમાં મન મૂકીને ધૂબાકા મારવાનું અને દિવસ આખો ખેતરોમાં રખડ્યા કરવાનું અને બાળપણનો સાચો આનંદ લૂંટાવાનું જે સૌભાગ્ય આપણને પ્રાપ્ત થયુ છે તેનાથી આપણા બાળકોને શા માટે વિમુખ રાખવા ? ઉત્પલ ભાયાણી કહે છે તેમ, બાળપણની આ અનમોલ મૂડીનો અહેસાસ આપણને ઘણો પાછળથી થતો હોય છે. તેઓ લખે છે કે,

“કોઇ ગર્ભશ્રીમંતના નબીરાને એની વડિલોપાર્જિત સંપત્તિ વિશે ગતાગમ ન હોય અને પછીના કપરા દિવસોમાં એની જાહોજલાલી વિશેનું ભાન સતત થતું રહે એવું મારા શાળાજીવનના દિવસોને યાદ કરતાં ઘણી વખત મને લાગે છે.” આપણે જે રીતે મનભરીને બાળપણને માણ્યું છે તેનો અનુભવ તો આપણા બાળકોને કદાચ ન પણ કરાવી શકીએ પરંતુ, તેની એક ઝલ્કી પણ જો કરાવી શકીએ તો તેમને પણ તેમનાં જીવનનું મહામૂલું ભાથું આપણે આપી શકીશું ! કવયિત્રી પન્ના નાયક બાળપણની આવી જ કેટલીય અવિસ્મરણીય ક્ષણોને ઉદ્દેશીને લખે છે કે,

“બહેનપણીઓના એક જ સાદે
ભણવાની ચોપડી ફટાફટ બંદ કરી
માની બૂમોને અવગણી
રમવા ચાલી જતી ઘરની દૂર દૂર.
કયારેક મસ્તીમાં, કયારેક હરીફાઇમાં
ઊંચી આંબલીના ઝાડની ટોચે ચડી જતી
જયાં કોઇની હાજરી નહીં
કોઇની ખલેલ નહીં
‘ઘરે ચાલ.’
‘નીચે ઊતર, મોડું થાય છે’ ના
પરિચિત અવાજોની વચ્ચે
ઝાડની મજબૂત ડાળી પર બેસતી
અને ગગનની નિર્દોષ ઊંચાઇને આંબલીથી
આંબતી”

તો આવો, આ વેકેશનમાં કંઇક નવું કરીએ : જૂના આલ્બમ અને જૂની સી.ડી. જોઇએ તેમજ દેશવિદેશના બદલે વતનમાં આવેલા જૂના ખખડધજ મકાનમાં રહેલા જાજરમાન ભૂતકાળને ફરી જીવંત બનાવીએ!